# પરમાત્માના પરિચયના આધાર સ્તંભ

દરેક મનુષ્ય આત્માની જેમ પરમપિતા પરમાત્મા પણ પ્રકાશ, જ્યોતિ અથવા જ્યોતિર્બિન્દુ સ્વરૂપ છે, જેવો જ્ઞાન, શક્તિઓ અને ગુણોનાં સાગર છે અને આ દુનિયામાં આવીને પોતાના દિવ્ય કર્તવ્ય સ્થાપના, પાલના અને વિનાશ કરાવે છે. આ પરિચયનાં આધારે પરમાત્મા સર્વ ધર્મ માન્ય, સર્વોચ્ચ, સર્વોપરી, સર્વજ્ઞ, તેમજ જ્ઞાન, શક્તિ અને ગુણોનાં સાગર હોય, જેને પરમાત્માના પરિચયના આધાર સ્તંભ તરીકે ચિત્રમાં પણ દર્શાવેલ છે.

**૧. <u>સર્વધર્મ માન્ય</u>:** વિજ્ઞાન ભૌતિક વસ્તુઓ સાથે જ્યારે આધ્યાત્મિકતા બિન-ભૌતિક વસ્તુઓ સાથે વ્યવહાર કરે છે, જેને આ શરીરની આંખોથી જોઈ ના શકાય.  આ આધ્યાત્મિકતાનુ વિજ્ઞાનથી સંશોધન કરી ના શકાય. આથી આત્મા અને પરમાત્માને જોઈ ના શકાય પરન્તુ તેનો અનુભવ કરી શકાય. જેમ કે ગુલાબની સુગંધને, મંદ ઠંડા પવનને, પોતાને ભાવતા સ્વાદને આ શરીરની આંખોથી જોઈ ના શકાય પરન્તુ તેનો અનુભવ અવશ્ય કરી શકાય. આ સનાતન સત્ય છે કે "પરમાત્મા એક છે, પરમાત્મા સત્ય છે, પરમાત્મા આપણાં પિતા છે." આથી કોઈ પણ દેવતા, દેવદૂત (angel), ધર્મ સ્થાપક, ધર્મ ગુરુ વગેરેને પરમાત્મા કહી ના શકાય. દરેક ધર્મમાં પરમાત્માને જ્યોતિર્લિન્ગમ, જ્યોતિ અથવા પ્રકાશ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. તેઓ નિરાકાર અર્થાત્ તેમનો આકાર આ દુનિયા પરનાં કોઈ મનુષ્ય, પ્રાણી, પક્ષી, વનસ્પતી, પદાર્થ કે વૈભવ જેવો નથી. દરેક ધર્મ પરમાત્માને એક સનાતન પ્રકાશ (light) તરીકે સ્વીકારે છે. માનવ આત્માઓ જીવાત્મા છે જ્યારે તેઓ પરમાત્મા છે, અર્થાત્ તેવોને મનુષ્ય આત્માની જેમ ભૌતિક કે સૂક્ષ્મ શરીર નથી. આથી તેવોને અપાર્થિવ, અશરીરી અથવા નિરાકાર કહેવામાં આવે છે.

**૨. <u>સર્વોચ્ચ</u>:** પરમાત્મા સર્વોચ્ચ છે, અર્થાત્ સર્વથી ઉંચ છે અને તેમનાથી ઉપર કોઈ પણ નથી. તેમનાં માતા-પિતા, શિક્ષક કે ગુરુ કોઈ નથી પરન્તુ તે તમામ મનુષ્ય આત્માઓનાં માતા-પિતા, શિક્ષક, સતગુરુ, મિત્ર, ચિકિત્સક, સાજન વગેરે છે. દરેક આત્માનાં સર્વ સંબંધી પરમાત્મા છે. કોઈપણ દેવતા અથવા દેવદૂત (angel)ને પોતાના માતા-પિતા, શિક્ષક, ગુરુ વગેરે છે અને પોતાનું શરીર છે, આથી તેમને પરમાત્મા કહી ના શકાય. પરમાત્મા દયા, કરુણા, અહિંસા, અને કૃપાના સાગર છે, આથી કોઈ પણ આત્માને દુ:ખ, દર્દ, પીડા વગેરે આપી ના શકે, કોઈની હિંસા કરી ના શકે, આથી દરેકમાં આત્મા છે પરન્તુ પરમાત્મા નથી અર્થાત્ પરમાત્મા સર્વવ્યાપી નથી. તેઓ આ દુનિયામાં ના હોવાથી માનવ આત્મા તેવોને બોલાવે છે. તેઓ સર્વોચ્ચ હોવાથી આવીને માનવ આત્માને તેમના જેવા ઉચ્ચ અર્થાત્ તેમની સમાન જ્ઞાન, શક્તિ અને ગુણોથી સમાન બનાવે છે, આથી દેવતાઓની આગળ ભગવાન-ભગવતી એક અટકની જેમ લગાવવામાં આવે છે.

## પરમાત્માના પરિચયના આધાર સ્તંભ

- સર્વધર્મ માન્ય: દરેક ધર્મની આત્માઓ સ્વીકાર કરે
- સર્વોચ્ચ: તેને માતા-પિતા, ગુરુ, શિક્ષક નથી
- સર્વોપરી: તેઓ સૃષ્ટિ-ચક્ર, શરીર અને કર્મથી ન્યારા
- સર્વજ્ઞ: તેઓ ત્રિકાલદર્શી, ત્રિનેત્રી અને ત્રિમુર્તિ
- સાગર: તેઓ જ્ઞાન, શક્તિ અને ગુણોનાં સાગર

**૩. <u>સર્વોપરી</u>:** પરમાત્મા સર્વોપરી અર્થાત્ સર્વનાં ઉપરી છે, આથી તેઓ શરીરથી ઉપર અર્થાત્ અશરીરી છે, તેમને ભૌતિક કે પ્રકાશનુ માનવ શરીર નથી. પરમાત્મા પ્રકૃતિથી પણ ઉપર અર્થાત્ ન્યારા છે, તેઓ સૃષ્ટિચક્રમાં આવતા નથી. આ પ્રકૃતિ કે દુનિયા "તદ્દન નવી, નવી, મધ્યમ અને કનિષ્ટ" અર્થાત્ "સતોપ્રધાન, સતો, રજો અને તમો" મતલબ "સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કલીયુગ" વગેરે પ્રક્રિયામાથી પસાર થાય છે, જ્યારે પરમાત્મા આ સૃષ્ટિચક્રમાં આવતા નથી. તમામ માનવ આત્મા આ પ્રકૃતિનાં પાંચ તત્વમાં અર્થાત્ શરીરમાં તેમજ સૃષ્ટિચક્રમાં બંધાયેલ છે, જ્યારે પરમાત્મા પ્રકૃતિનાં પાંચ તત્વનાં શરીરથી અને સૃષ્ટિચક્રથી ઉપર છે મતલબ તેમાં બંધાયમાન નથી. તેઓ માનવ જેવુ શરીર ધરાવતા નથી આથી કર્મ બંધનમાં આવતા નથી, અર્થાત્ કર્મ બંધનથી ઉપર અથવા ન્યારા છે.

**૪. <u>સર્વજ્ઞ</u>:** પરમાત્મા સર્વજ્ઞ છે, જેવો આ મનુષ્ય સૃષ્ટિની શરૂઆત, મધ્ય અને અંત વિષે જાણે છે. તેઓ ત્રિકાલદર્શી મતલબ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણેય કાળને જોઈ શકે છે. તેઓ ત્રિનેત્રી અર્થાત્ ત્રીજુ નેત્ર ધરાવે છે, જે જ્ઞાનનું ત્રીજુ લોચન છે,

જેના દ્વારા ત્રણેય કાળને જોઈ શકે છે અને તેને જાણી શકે છે. તેઓ ત્રિપુટી (trinity) દ્વારા પોતાનું શરીર ન હોવાથી કાર્ય કરે છે. આ ત્રિપુટી એ ત્રણ દેવતા કે દેવદૂત (angel) છે, જેને વિવિધ ધર્મોમાં વિવિધ નામથી ઓળખવામાં આવે છે. પરમાત્માને પોતાનું શરીર ન હોવાથી તેમનુ મહાન કાર્ય - સ્થાપના, પાલના અને વિનાશનુ કાર્ય, આ ત્રિપુટી દ્વારા તેઓ કરાવે છે. તેઓ નવી સ્વર્ગીય દુનિયાની સ્થાપના, જૂની કળીયુગી દુનિયાનો વિનાશ અને નવી સ્વર્ગીય દુનિયાની પાલનાનુ કર્તવ્ય આ ત્રિપુટી દ્વારા કરાવડાવે છે. જૂની કળીયુગી દુનિયામાં જ નવી સ્વર્ગીય દુનિયાની સ્થાપના થાય છે અર્થાત્ નવી સ્વર્ગીય દુનિયાની સ્થાપના સાથે જૂની કળીયુગી દુનિયાનો વિનાશ થાય છે, પરન્તુ આ દુનિયાનો સંપૂર્ણ પ્રલય થતો નથી.

**૫. <u>સાગર</u>:** પરમાત્મા અસીમ જ્ઞાનનાં સાગર છે. કહેવાય છે કે "સમગ્ર સૃષ્ટિનો કાગળ બનાવવામાં આવે, તમામ સમુદ્રની શાહી બનાવવામાં આવે, વિશ્વના બધાજ જંગલોની કલમ બનાવવામાં આવે, અને વિદ્યાની દેવી તેમનાં ગુણ લખવા બેસે તો પણ તેમની મહિમા સંપૂર્ણ લખી ના શકાય". તેઓ આત્મા, પરમાત્મા અને સૃષ્ટિચક્રનુ સંપૂર્ણ જ્ઞાન આપે છે, રાજયોગનો અભ્યાસ કરાવે છે, દિવ્ય ગુણોની ધારણા કરાવડાવે છે અને સ્વ-પરિવર્તન દ્વારા વિશ્વ-પરિવર્તનનુ મહાન કાર્ય મનુષ્ય આત્માઓ દ્વારા કરાવડાવે છે. રાજયોગના અભ્યાસ દ્વારા માનવ આત્માઓને પરમાત્મા મુખ્યત્વે સાત શક્તિઓ જેવી કે સમાવવાની શક્તિ, સહનશક્તિ, સમેટવાની શક્તિ, સંકોચવાની શક્તિ, સહયોગ શક્તિ, સામનો કરવાની શક્તિ, નિર્ણય શક્તિ અને પરખવાની શક્તિ આપે છે, જેના આધારે તેને શક્તિઓના સાગર તરીકે યાદ કરવામાં આવે છે. આ આઠ શક્તિઓ માનવ આત્માઓ પરમાત્મા દ્વારા પ્રાપ્ત કરીને સંપૂર્ણ દિવ્ય માનવી બને છે, આથી ચિત્રોમાં આઠ ભૂજાધારી દેવિઓને શિવશક્તિ તરીકે દર્શાવવામાં આવે છે. મનુષ્ય આત્માઓ પરમાત્મા પાસેથી જ્ઞાન અને યાદના આધારે કુલ ૩૬ ગુણો પ્રાપ્ત કરે છે, જેમાં મુખ્ય આઠ ગુણો જેવા કે પવિત્રતા, અંતરમુખતા, ધૈર્યતા, નિર્ભયતા, મધુરતા, નમ્રતા, હર્ષિતમુખતા, અને સહનશીલતાનો સમાવેશ થાય છે. આથી પરમાત્માને ગુણોના સાગર તરીકે યાદ કરવામાં આવે છે.

ચાલો આપણે પરમાત્માનું ધ્યાન કરીએ. આપણે જ્યોતિર્બિન્દુ પ્રકાશ સ્વરૂપ આત્મા છીએ. આપણે પરમાત્માના સંતાન છીએ. આપણી આત્માના પિતા પરમાત્મા પણ આપણી જેવા જ જ્યોતિર્બિન્દુ પ્રકાશ સ્વરૂપ છે. તેવોને પ્રેમથી પિતા અથવા બાબા કહેવામાં આવે છે, જેવોને પોતાનું શરીર નથી અને સૌથી ઉંચા પરમધામમાં રહે છે. તેવો સર્વ ધર્મ આત્માઓના પિતા છે કે જેવો દરેક ધર્મમાં સ્વીકાર્ય છે. પરમપિતા પરમાત્મા સર્વોચ્ચ છે અર્થાત તેવો તમામ આત્માઓના માતા, પિતા, શિક્ષક અને સતગુરુ છે પરંતુ તેમના કોઈ માતા, પિતા, શિક્ષક કે સતગુરુ નથી. તેવો સર્વોપરી છે અર્થાત તેવો જન્મ-મરણના ચક્રમાં, કર્મ બંધનમાં કે સૃષ્ટિચક્રના બંધનમાં આવતા નથી. તેવો સર્વજ્ઞ છે અર્થાત

તેવો ત્રિકાળદર્શી છે, જેથી તેવો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને જોઇ શકે છે, ત્રિનેત્રી છે મતલબ સત્ય જ્ઞાનનું ત્રીજું નેત્ર ધરાવે છે અને આત્માઓને તે સત્ય જ્ઞાન આપે છે જેનાથી મનુષ્ય આત્માઓને દેવતા કે દેવદૂત બનાવે છે, અને ત્રિમૂર્તિ છે, જેથી તેવો ત્રણ દેવતા કે દેવદૂત દ્વારા નવી સૃષ્ટિની સ્થાપના, તેની પાલના અને જૂની દુનિયાનો વિનાશ કરાવે છે. તેવો સત્ય જ્ઞાન, સર્વ શક્તિઓ અને સર્વ ગુણોના સાગર છે, જેથી માનવ આત્માઓને તેમના સમાન બનાવે છે. આપણે પરમાત્માના સંતાન હોવાથી આપણે પણ જ્ઞાન, શક્તિઓ અને ગુણોના માસ્ટર સાગર છીએ અને તેના સ્પંદનો વાતાવરણમાં ફેલાય છે, જેનો અનુભવ સર્વ આત્માઓ અને પ્રકૃતિના પાંચ તત્વો પણ કરે છે અને શુદ્ધ બને છે.